જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા..૧૩/૯/૨૦૧૫ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૮૫૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી અને ૩૨ વ્યક્તિઓને ઝડપી ૨૧૦ લીટર દેશી દારૂ, ૧૨૫ બોટલ ઇગ્લીશ દારૂ, ૨૦ ક્વૉટર ઇગ્લીશ દારૂ, ૦૧ સ્કૂટર, ૦૧ મોટર સાયકલ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૩૯,૭૮૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૮૫૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદ:-** **સમાચાર યાદી નં.૧૮૫૨/૧૫**

**દાણીલીમડા :** અખ્તરઆલમ શફીકઆલમ શેખ (ઉ.વ.૨૫)(રહે.નવાબની ચાલી, જુના ભીલવાસ, શાહઆલમ, દાણીલીમડા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૯/૧૫ રાતનાં ૧૦/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની પત્ની નસરીનબેગમ (ઉ.વ.૧૯) નું કોઇ અજાણી વ્યક્તિએ તીક્ષ્ણ હથિયાર વડે ઇજાઓ કરી મોત નિપજાવ્યુ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.કે.રાણા ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૧૮૫૩/૧૫**

**કાગડાપીઠ :-** જયેશભાઇ રાજુભાઇ પરમાર (રહે.સુતરીયાની ચાલી, મ્યુની.શાળા નં.૯/૧૦ પાછળ, મજુર ગામ, ગીરીરાજ ફ્લેટ સામે) એ તા.૯/૯/૧૫ રાતનાં ૧૨/૦૦ વાગે રહેણાંક નજીક પોતાની બોલેરો ગાડી નંબર જીજે.૦૧.ડી.એક્સ.૬૦૫૦ કિંમત રૂપિયા ૬,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૦/૯/૧૫ સવારનાં ૭/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ જયેશભાઇ પરમારે તા.૧૨/૯/૧૫ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.ડાભી ચલાવે છે

**વટવા :-** સંજીવભાઇ નટવરલાલ ઠક્કર (રહે.મંથન એપાર્ટમેન્ટ, શ્રીજી બંગ્લોઝ પાસે, નારોલ હાઇ-વે) એ તા.૭/૯/૧૫ સાંજનાં ૬/૦૦ વાગે રહેણાંક નજીક પોતાની બોલેરો ગાડી જીજે.૨૭.યુ.૭૬૪ પાર્ક કરી હતી. જેની ચોરી તા.૮/૯/૧૫ નાં કલાક ૫/૩૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ સંજીવભાઇ ઠક્કરે તા.૧૨/૯/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**નિકોલ :-** કલ્પેશભાઇ અર્જુનભાઇ બારીયા (રહે.કઠવાડા ગામ, પ્રાથમીક શાળા સામે, કઠવાડા, તા.દસ્ક્રોઇ) એ તા.૧૧/૯/૧૫ રાતનાં ૦૦/૦૦ વાગે રહેણાંક નજીક બોલેરો ગાડી નંબર જીજે.૦૨.એક્સ.એક્સ.૦૬૨૩ કિંમત રૂપિયા ૫,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સવારનાં ૯/૩૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ કલ્પેશભાઇ બારીયાએ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.સી.છત્રાલીયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)